# બોર્ડ બેઠક નં.૨૫૧

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ના રોજ સાંજના ૪:૦૦ કલાકે મળેલ ૨૫૧ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

**બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (3) | પ્રમુખશ્રી<br>જીલ્લા પંચાયત, વડોદરા | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર, વતી | સભ્યશ્રી |
| (૫) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | સભ્યશ્રી |
| (૬) | મુખ્યકારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |

**આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૧૬ અને અધ્યક્ષ સ્થાનેથી મુધ્દા નં.૧ અને ૨ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.**

**મુદ્દા નંબર :(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/03/૨૦૨૨ ની ૨૫૦ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/03/૨૦૨૨ ની ૨૫૦ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર.નં.યુડીએ/મીટીંગ/૫૩૯/૨૦૨૨, તા.૦૮/૦૪/૨૦૨૨ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસુચન મળેલ ન હોય સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક:(૨૭૮૮)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/03/૨૦૨૨ ની ૨૫૦ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૪/૦૧/૨૦૨૨ ની ૨૪૯ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૪/૦૧/૨૦૨૨ ની ૨૪૯ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ જે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક:(૨૭૮૯)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૪/૦૧/૨૦૨૨ ની ૨૪૯ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર. (3) : મોજે ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં.૧ માં કાર્પેટ રોડ બનાવવાના કામમાં વધારાના ખર્ચ બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે મોજે ખાનપુર- સેવાસી ટી.પી.સ્કીમ નં.૧ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી Shiwalay Infra Projects Pvt.Ltd, Vadodaraને રૂ. ૨,૧૭,૨૫,૫૨૯.૯૦ સોંપવામાં આવેલ છે. જે પરત્વે કામગીરી પ્રગતિ હેઠળ છે. જેમાં ખાનપુર ગ્રામ પંચાયતના સરપંચશ્રી ધ્વારા ખાનપુર ગામના તળાવમાં પાણીના યોગ્ય નિકાલ માટે પાઈપ લાઈન નાંખી આપવા માટેની ભલામણ કરતા અત્રેની કચેરીએ આ કામની પી.એમ.સી. તથા ઈજારદારશ્રી હાજરીમાં ચર્ચા વિચારણા બાદ સદર કામગીરીનો સર્વે કરી અંદાજ તૈયાર કરવા પી.એમ.સી. ને જણાવતા આ કામની પી.એમ.સી. ધ્વારા વિગતવાર સર્વે કરી તળાવના આઉટ લેટ જગ્યાપર 900 MM Dia ની NP3 Pipe તથા તળાવના ઈનલેટ પાસે કલ્વર્ટની એક બાજુની જગ્યામાં છેલ્લા બે વર્ષમાં થયેલા ભારે વરસાદને કારણે ધોવાણ થવાથી અંદાજમાં મંજુર થયેલ માટીના જથ્થા કરતા વધુ માટી પુરણ કરવા માટે અને ગેબીયન વોલ બનાવવા સહ રૂ.૬,૮૭,૮૭૬/- નો અંદાજ તૈયાર કરી અત્રેની કચેરીને રજુ કરેલ છે. સદર કામમાં રૂ. ૭,૧૭,૭૭૬.૪૯ બચત થયેલ છે અને વધારાની કામગીરીમાં રૂ.૬,૮૭,૮૭૬/- થાય તેમ છે. આથી વધારાની કામગીરી કરવા તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૦)** :વુડા દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત મોજે ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં.૧ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરીમાં પી.એમ.સી. દ્વારા તૈયાર કરવામાં આવેલ અંદાજમાં 900 MM Dia ની NP3 Pipe તથા તળાવના ઈનલેટ પાસે કલ્વર્ટની બાજુમાં માટી પુરણ કરવા માટે અને ગેબીયન વોલ બનાવવા માટે રૂ. ૬,૮૭,૮૭૬/- ના થનાર વધારાના ખર્ચ અંગેની આગળની કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૪) : વુડા વિસ્તારમાં મોજે દરાપુરા અને હનુમાનપુરા ગ્રામ પંચાયતોને ઘન કચરાના નિકાલ માટે ઈ-રીક્ષા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ગામની આજુબાજુમાં નોન ટી.પી વિસ્તારમાં રહેણાંક વિકાસ થયેલ છે. આ ગામોની આજુબાજુ થયેલ વિકાસને કારણે વસવાટ વધતા ઉત્પન્ન થતા ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો પાસે પુરતા સાધનો ન હોવાને કારણે આ ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો દ્વારા ઈ-રીક્ષાની માંગણી કરવામાં આવે છે. જેમાં ગ્રામ પંચાયતની માંગણી પરત્વે વુડા બોર્ડની મંજુરી બાદ ઈ-રીક્ષાની ફાળવણી કરવામાં આવે છે. જે મુજબ અત્યાર સુધી ૩૭ ગ્રામ પંચાયતોને ૧૨૩ ઈ-રીક્ષા ફાળવી આપેલ છે. જેમાં પરત આવેલ કોયલીની ૦૩ ઈ-રીક્ષા અને અણખોલની ૦૩ ઈ-રીક્ષા બીજા ગ્રામ પંચાયતોને ફાળવી આપેલ છે તથા નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરી સૌથી ઓછો ભાવ આપનાર એજન્સી મે. સ્વિચ ઓટોને રૂ. ૧,૫૦,૫૦૦/- GST અને ઈન્સ્યોરન્સ સાથે ટેન્ડરના નિયમો અને સ્પેસિફિકેશન મુજબ ૦૨ વર્ષ માટે ઈ-રીક્ષા સ્પલાય કરવાનો કાર્ય આદેશ આપેલ છે. અગાઉ ૦૪ ગ્રામ પંચાયતો માટે ૧૧ ઈ-રીક્ષાઓ ફાળવવા એજન્સીને વર્ક ઓર્ડર આપવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. હાલ દરાપુરા ગ્રામ પંચાયત દ્વારા ૦૨ (બે) ઈ-રીક્ષા તથા હનુમાનપુરા ગ્રામ પંચાયત દ્વારા ૦૭ (સાત) ઈ-રીક્ષાની માંગણી આવેલ છે. તે પરત્વે ટેન્ડર પ્રક્રિયા બાદ નવા ભાવ રૂ. ૧,૫૦,૫૦૦/- પ્રતિ ઈ-રીક્ષા મુજબ દરાપુરા ગ્રામ પંચાયત દ્વારા ૦૨ (બે) ઈ-રીક્ષા તથા હનુમાનપુરા ગ્રામ પંચાયત દ્વારા ૦૭ (સાત) ગ્રામ પંચાયતોને કુલ ૦૯ (નવ) ઈ-રીક્ષા ની માંગણી પરત્વે ઈ-રીક્ષાની ખરીદી કરી મરામત અને નિભાવણી જેતે ગ્રામ પંચાયત ધ્વારા કરવાની શરતે ફાળવણી કરવા તથા તે અંગે થનાર ખર્ચની મંજુરી આપવા જે કાર્યવાહીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

આ ઉપરાંત માન. ચેરમેનશ્રી, સ્ટેન્ડીંગ કમીટી, વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરેલ સુચન મુજબ સયાજીપુરા ગ્રામ પંચાયતને પણ ૦૨ ઈ-રીક્ષાની આપવાની થતી હોઈ, આથી દરાપુરા ગ્રામ પંચાયતને ૦૧ (એક) તથા હનુમાનપુરા ગ્રામ પંચાયતને ૦૨ (બે) ઈ-રીક્ષા મળી કુલ ૦૫ (પાંચ) ઈ-રીક્ષા ફાળવવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૭૯૧)</u> :વુડા વિસ્તારમાં મોજે દરાપુરા, હનુમાનપુરા અને સયાજીપુરામાં આવેલ ટીપી/નોનટીપી વિસ્તારના રોજબરોજના ઘનકચરાના નિકાલ માટે ૦૫ (પાંચ) ઈ-રીક્ષાની ખરીદી કરવાના ખર્ચને મંજુરી આપવા તથા દરાપુરા ગ્રામ પંચાયતને ૦૧ (એક) અને હનુમાનપુરા ગ્રામ પંચાયતને ૦૨ (બે) તથા ૦૨ ઈ-રીક્ષા સયાજીપુરા ગ્રામ પંચાયતને ફાળવવા તેમજ ઈ-રીક્ષાની મરામત અને જાળવણી ગ્રામપંચાયતો દ્વારા કરવામાં આવે તે અંગે જરૂરી કરાર કરી સોંપણી કરવાની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર. (૫) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોની બાંધકામની કામગીરીના કામો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરીના કામોમાં ભાવ વધારો આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ચાલતા આવાસોની બાંધકામની કામગીરીના પ્રોજેકટ તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના કામો અંતર્ગત રોડ, ડ્રેનેજ, કાંસ, અને પાણીની કામગીરીમાં નીચે જણાવેલ કામગીરી પ્રગતિ હેઠળ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ભાયલી, સેવાસી, વેમાલી, બીલ, ખાનપુર અને અંકોડીયાની અલગ-અલગ ટી.પી.સ્કીમોના કુલ ૨૧ ફાઈનલ પ્લોટોમાં EWS પ્રકારના ૫૮૨૬ આવાસોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત પુર્વ વિસ્તારની ટી.પી.સ્કીમ નં. ૨૫, સમિયાલા-બીલ-ભાયલી ટી.પી.સ્કીમ નં. ૦૫, ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને બીલ ગામથી કલાલી ગામને જોડતા ડી.પી રોડમાં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ અને વુડાના પુર્વ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન અને મેઈન પમ્પીંગ સ્ટેશન લાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત મોજે ભાયલી ગામના તળાવથી બળીયાદેવ મંદિર સુધી અને બળિયાદેવ મંદિરથી આમોદ સ્ટેમ્પીંગ સુધી RCC ની પાકી કાંસ બનાવવાની કામગીરી તથા આમોદ સ્ટેમ્પીંગ થી સમિયાલા STP તળાવ પાસે આવેલ R & B ના કલવર્ટ સુધી વરસાદી તથા STP ના પાણીના નિકાલ માટેની પાઈપલાઈન બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા સાથેની ભાગીદારી હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ માં 45 MLD STP તથા વુડાના પશ્ચિમ વિસ્તારના સીંધરોટ ગામ પાસે WTP અને પાણીની મેઈન ટ્રંક લાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉકત જણાવેલ તમામ કામગીરી સાથે સંકળાયેલા "ગુજરાત કોન્ટ્રાકટર એસોસિયેશન" ના ઈજારદારશ્રીઓ દ્વારા છેલ્લા ૦૨ વર્ષના સમયગાળામાં COVID-19 ની પરિસ્થિતી તેમજ બાંધકામમાં વપરાતા માલસામાનમાં થયેલ અસામાન્ય ભાવ વધાઆને કારણે ચાલુ પ્રોજેકટોમાં ભાવ વધારો આપવા માટે રાજય સરકારશ્રીમાં કરેલ રજુઆત પરત્વે ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૪૮/સી તા. ૨૪/03/૨૦૨૨ મુજબ અત્રેની કચેરીએ ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરીમાં ભાવ વધારો આપવાનો થાય છે. તે પરત્વે ભાવ વધારો આપવાની થતી મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૨)**: વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોની બાંધકામની કામગીરીના કામો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરીના કામોમાં ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૪૮/સી તા. ૨૪/03/૨૦૨૨ થી કરવામાં આવેલ ઠરાવનો વિગતવાર અભ્યાસ કરી આ બોર્ડ બેઠકમાં મુલતવી રાખી આગામી બોર્ડ બેઠકમાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સધળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર. (૬) : વડોદરા મહાનગરપાલિકા દ્વારા ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ખાતે બનાવવામાં આવી રહેલ નવીન ૪૫ MLD ક્ષમતાના STP માં વુડા વિસ્તારના મલીનજળ જથ્થાના શુધ્ધિકરણ માટે વુડા દ્વારા વરાડે પડતા ખર્ચને બહાલી તથા થનાર ખર્ચને મંજુરી આપવા બાબત.**

વુડા વિસ્તારમાં ડ્રેનેજ તથા એસટીપીને લગતી સુવિધાઓ માટે વુડા અને વી.એમ.સી ના સંલગ્ન અધિકારીશ્રીઓ સાથે સંયુકત બેઠકનું આયોજન કરી વિચારણા કરવામાં આવેલ હતી. જેમાં પેરેફરીમાં આવેલ વિસ્તારમાં ભાયલીમાં વુડા ધ્વારા પ્રગતિ હેઠળ એસ.ટી.પી પ્રોજેકટની સાઈટમાં વી.એમ.સી ધ્વારા વધુ કેપેસીટીની એસ.ટી.પી બનાવવા વુડાના વિવિધ વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકા સાથે રહીને સંયુકત પ્રોજેકટ કરી ડ્રેનેજ નેટવર્ક તથા STP ના કામો કરવા વુડા બોર્ડની ૨૩૭ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૫૨૧ ઠરાવવામાં આવેલ હતું. વુડા બોર્ડની ૨૪૦ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૫૯૯ પરત્વે વડોદરા મહાનગરપાલિકાના અંદાજ મુજબ વુડા સાથેની ભાગીદારીમાં ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ખાતેના એફ.પી. ૨૮૬ વાળી જગ્યામાં આયોજીત નવીન ૪૫ MLD ક્ષમતાના STP માં વુડા વિસ્તારના મલીનજળ જથ્થાના શુધ્ધિકરણ માટે ભાગીદારી પેટે ૫૦% મુજબ આપવાની થતી રકમ રૂ. ૩૫,૩૨,૯૨,૭૨૪/- મંજુર કરવા તથા કામગીરી થાય તે મુજબ તબક્કાવાર ચુકવણું કરવા ઠરાવવામાં આવ્યું. ત્યારબાદ વડોદરા મહાનગર પાલિકા દ્વારા ભાયલી ખાતે ટી.પી.૫ ના એફ.પી. ૨૮૬ વાળી જગ્યાનું ૪૫ એમ.એલ.ડી. STP પ્રોજેકટ માટે ટેન્ડર પ્રકિયા કરી જેમાં રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી નું ૧૦૩.૧૬ કરોડનું ટેન્ડર ૧૨.૧૯% અબોવ (ઊંચું) એસ્ટિમેટેડ કોસ્ટના (૧૦ વર્ષના O & M સહિત) નું ભાવપત્રક સ્થાયી સમિતિ ઠરાવ અંક ૨૮૫/તા. ૧૮/૧૦/૨૦૧૯ થી મંજૂર કરેલ છે. જેમાં સુપરવિઝન તરીકે પી.એમ.સી. મે. સેપીયન્ટ ટેકનો કન્સલટન્ટ, સુરત (૨.૨% ના દરે) અને ટી.પી.આઈ. સી.ઈ.આઈ.એલ. ને (૦.૬૯% ના દરે) કામગીરી સોપેલ છે. જેમાં PMC અને TPI ની ફી ની ગણતરીના કુલ ખર્ચ ના ૫૦% રકમ પણ ચૂકવવાની થાય છે. જે અન્વયે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ભાયલી ખાતે ટી.પી.સ્કીમ નં. ૦૫ ના એફ.પી. ૨૮૬ વાળી જગ્યામાં કુલ ૪૫ MLD STP બનાવવાની કામગીરી અર્થે મે. રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી., અમદાવાદને તા. ૦૪/૧૧/૨૦૧૯ ના રોજ રૂ. ૧૦૩,૧૬,૩૧,૦૫૬/- (રૂ. ૮૫,૫૦,૩૧,૦૫૬ + રૂ. ૧૮,૧૫,૦૦,૦૦૦) નો વર્ક ઓર્ડર આપેલ છે તથા સદર કામગીરી વડોદરા મહાનગર પાલિકા દ્વારા દેખરેખ હેઠળ પ્રગતિમાં છે. વુડા બોર્ડની ૨૪૪ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૬૯૯ માં મોબેલાઈઝેશન એડ્વાન્સ પેટે પ્રથમ તબક્કામાં ૫૦% લેખે રૂ.૧,૦૬,૨૬,૬૩૮/- અને બીજા તબક્કામાં ૫૦% લેખે રૂ.૧,૦૬,૨૬,૬૩૮/- મળી કુલ રૂ ૨,૧૨,૫૩,૨૭૬/- તથા ૫૦% રકમ તબક્કાવાર ચુકવણું વડોદરા મહાનગરપાલિકામાં જમા કરવા ઠરાવવામાં આવેલ હતુ. જે પરત્વે આજ દિન સુધી અત્રે ધ્વારા વડોદરા મહાનગરપાલિકામાં મે. રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી., અમદાવાદને તેઓના આર.એ.બીલ -૧ થી ૧૪ સુધી રૂ. ૨૪,૦૭,૦૫,૫૭૪/-, પી.એમ.સી. ને તેઓના આર.એ.બીલ -૦૧ થી ૦૪ સુધી રૂ. ૪૫,૮૬,૫૯૩/- તથા ટી.પી.આઈ. ને તેઓના આર.એ.બીલ -૧ થી ૦૭ સુધી રૂ. ૮,૨૭,૫૫૩/- તથા MGVCL ને પોલ સિફ્ટીંગ, SSNNL અને GPCB પેટે રૂ. ૬,૫૦,૫૫૧/- મળી કુલ રૂ. ૨૬,૮૦,૨૩,૫૪૭ ની ચુકવણી વડોદરા મહાનગરપાલિકાને કરેલ છે. સદર વડોદરા મહાનગરપાલિકામાં ૫૦% લેખે એજન્સી, પી.એમ.સી, ટી.પી.આઈ અને વધારાના ચાર્જીસ પેટે થયેલ ખર્ચ ને બહાલી આપવા તથા ભવિષ્યમાં થનાર ખર્ચની ચુકવણી વડોદરા મહાનગરપાલિકામાં જમા કરાવવા તે અંગે નો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૩)**: વડોદરા મહાનગરપાલિકા દ્વારા વુડા સાથેની ભાગીદારીમાં ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ખાતે બનાવવામાં આવી રહેલ નવીન ૪૫ MLD ક્ષમતાના STP માં વુડા વિસ્તારના ૨૨.૫ MLD મલીનજળના જથ્થાના શુધ્ધિકરણ માટે નાખવાના હક્કને અબાધિત રાખી ભાગીદારી પેટે ૫૦% મુજબ આપવાની થતી રકમ કામગીરી થાય તે મુજબ ખર્ચની વિગતો રજુ થયેથી રૂ. ૨૬,૮૦,૨૩,૫૪૭ ચુકવણી વડોદરા મહાનગરપાલિકાને કરેલ છે. સદર વડોદરા મહાનગરપાલિકામાં ૫૦% લેખે એજન્સી, પી.એમ.સી, ટી.પી.આઈ અને વધારાના ચાર્જીસ પેટે થયેલ ખર્ચનું તબક્કાવાર ચુકવણું કરવા તથા ભવિષ્યમાં થનાર ખર્ચની ચુકવણી વડોદરા મહાનગરપાલિકામાં જમા કરાવવા અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર(૭): વુડાના પુર્વ વિસ્તારના ૧૧ ગામોનો સરદાર સરોવર નર્મદા નિગમ લી. ની રામેશરા ખાતેની વડોદરા બ્રાંન્ચ કેનાલમાંથી ૧૦ MLD પીવાનું પાણી લઇ ટી.બી તળાવ પાસે WTP બનાવી વોટર સપ્લાય નેટવર્કના પ્રોજેકટના ખર્ચને મંજુરી આપવા બાબત.**

વડોદરા મહાનગરપાલિકાની હદને અડીને નેશનલ હાઈવે નં. ૮ ના પુર્વ વિસ્તારમાં આવેલ વડોદરા જીલ્લાના વાઘોડિયા તાલુકાના હનુમાનપુરા, જેસંગપુરા, આમોદર, સિકંદરપુરા, બાકરોલ, શ્રીપોરટીંબી, પવલેપુર તેમજ વડોદરા તાલુકાના મોજે સયાજીપુરા, અણખોલ, ખટંબા, શંકરપુરા વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ(વુડા) માં સમાવિષ્ટ છે. આમ વુડાના પુર્વ વિસ્તારના ગામોમાં થઈ રહેલ વિકાસને ધ્યાને લઈ વુડા દ્વારા પીવાનું પાણી પુરૂ પાડવા સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ (SSNNL) માથી 10 MLD પાણી રામેશરા હેડ વર્ક્સ, વડોદરા બ્રાન્ચ કેનાલ (V.B.C.) માંથી લેવાની મંજુરી આપેલ મેળવી. વધુ 10 MLD પાણી સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ (SSNNL) માથી મેળવવા દરખાસ્ત કરેલ છે. જે મુજબ 20 MLD પાણી માટે નેટવર્ક નાખી પ્રોજેક્ટ શરૂ કરવા માટે સાઈટ સર્વે કરી, એસ્ટીમેટ તૈયાર કરી, DPR બનાવી, ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી દરમ્યાન સુપરવિઝનની કામગીરી માટે PMC તરીકે ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગરને વર્ક ઓર્ડર આપતા તેઓ ધ્વારા રૂ. ૧૨૫ કરોડનો DPR વુડા કચેરીમાં જમા કરાવતા વુડા બોર્ડ બેઠક નં. ૨૪૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૭૫૩ થી રૂ. ૧૨૫ કરોડના ખર્ચની મંજૂરી મળેલ છે. સદર પ્રોજેક્ટ માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) ની તા. ૨૩/03/૨૦૨૧ ના રોજ યોજાયેલ બોર્ડ બેઠક મુજબ ૪૦% રકમ GWSSB દ્વારા જલ જીવન મિશન અંતર્ગત ફાળવવા ઠરાવ કરેલ છે. ત્યારબાદ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) ના ટેકનિકલ સેલ, ગાંધીનગરના રિમાર્કસ મુજબ (૧) રાઈઝીંગ મેઈન લાઈનમાં DI ની જગ્યાએ MS ની પાઈપલાઈન (૨) 30 MLD WTP ના બદલે 50 MLD WTP અને (3) ડ્રીસ્ટ્રીબ્યુશન નેટવર્કની પાઈપલાઈન અને સિસ્ટમમાં થયેલ સુધારો-વધારો થવાથી તથા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) ના SOR-2022-2023 તથા માર્ગ અને મકાન વિભાગ (R & B) ના SOR-2021-2022 મુજબ ભાવોમાં થયેલ સુધારાને કારણે અગાઉ બનાવેલ કુલ રૂ. ૧૨૫ કરોડનો અંદાજ વધીને હવે રૂ. ૨૦૩ કરોડનો અંદાજ તૈયાર થયેલ છે. જેને GWSSB દ્વારા તા. ૦૬/0૪/૨૦૨૨ ના રોજ તાંત્રિક મંજુરી મળેલ છે. તેમજ પાણી પુરવઠા બોર્ડની બોર્ડ બેઠકમાં વહીવટી ખર્ચની મંજુરી અર્થે સાદર કરેલ છે. વધુમાં અલગથી ૦૫ વર્ષ માટે ઓપરેશન અને મેઈનટેનન્સનો ખર્ચ રૂ. ૨.૬ કરોડ મળી કુલ રૂ. ૨૦૫.૬ કરોડના થનાર અંદાજીત ખર્ચ માટે GWSSB દ્વારા આપવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત વુડા દ્વારા કરવામાં આવનાર અંદાજીત ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપવા તથા પાણી પુરવઠા બોર્ડ બેઠકની વહીવટી મંજુરી મળ્યાબાદ ટેન્ડર અંગેની આગળની કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા, વડોદરાને સત્તા આપવા વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૪)**: વુડાના પુર્વ વિસ્તારના ૧૧ ગામોનો સરદાર સરોવર નર્મદા નિગમ લી. ની રામેશરા ખાતેની વડોદરા બ્રાંન્ચ કેનાલમાંથી ૧૦ MLD પીવાનું પાણી લઇ ટી.બી તળાવ પાસે WTP બનાવી વોટર સપ્લાય નેટવર્કના પ્રોજેકટની કામગીરી માટે રૂ. ૨૦૫.૬ કરોડના થનાર અંદાજીત ખર્ચ માટે GWSSB દ્વારા આપવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત વુડા દ્વારા કરવામાં આવનાર અંદાજીત ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપી પાણી પુરવઠા બોર્ડ બેઠકની વહીવટી મંજુરી મળ્યાબાદ ટેન્ડર અંગેની આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૮) : વુડા ભવન બિલ્ડીંગમાં મેન્ટેનન્સની કામગીરી કરવા થનાર ખર્ચને મંજુરી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા “વુડા ભવન” બિલ્ડીંગનું બાંધકામ વર્ષ – ૨૦૦૦ માં કરવામાં આવેલ છે. જેમાં બેઝમેન્ટમાં કોમન પાર્કીંગ, ગ્રાઉન્ડ ફ્લોર પર વુડા પાર્કીંગ તથા પ્રથમ થી નવ માળનું આયોજન કરવામાં આવેલ, તેમાં વુડા કચેરી, આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયાની, ફાયરની ઓફીસ, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર(સ્પીપા), નગર પાલીકા પ્રાદેશિક નગર પાલીકા, સુમન માર્બલ, અમસા હોલ્ડીંગ, તથા સયાજીગ્રીન માર્બલ જેવી ઓફીસો આવેલ છે. તે પૈકી ૩, ૭, ૮ અને ૯ માળ વેચાણથી આપવામાં આવેલ છે. જે પરત્વે મેન્ટેનન્સની કામગીરી માટે તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ સોમવારે વુડા ભવન બિલ્ડીંગના ડાયરેકટરશ્રી/માલીકો/ભાડુઆતોને સાથે રહીને મીટીંગ મળેલ હતી. તે સંદર્ભે બિલ્ડીંગમાં (૧) પ્લમ્બીંગની કામગીરીને લગત પાણી, ડ્રેનેજ, વરસાદી લાઇનો બદલવા અંદાજીત રૂ. ૧૫,૦૦,૦૦૦/- નો ખર્ચ, (૨) નવું જનરેટર (ડી.જી.સેટ) ખરીદવા અંદાજીત રૂ. ૨૫,૦૦,૦૦૦/-, (૩) નંબર. ૧ની લીફટ નવીન ખરીદવા અંદાજીત રૂ. ૨૨,૦૦,૦૦૦/-, (૪) વુડા ભવન બિલ્ડીંગની ફાયરની અંડર ગ્રાઉન્ડ પાઈપ લીકેજ હોવાથી તેના સ્થાને નવીન પાઈપ લાઈન લગાવવાનો અંદાજીત રૂ. ૨,૦૦,૦૦૦/-, (૫) ઉધઈ ટ્રીટમેન્ટની કામગીરી માટે અંદાજીત રૂ. ૮,૦૦,૦૦૦/-, (૬) દરેક માળપર લીફટ ખુલે તેની બહાર માર્બલ/ગ્રેનાઈટ પથ્થર લગાવાની કામગીરી માટે અંદાજીત રૂ. ૮૦,૦૦૦/-, (૭) ઈલેકટ્રીક કામગીરી માટે રૂ. ૫૦,૦૦૦/-, (૮) ઓફીસોનું માળ પ્રમાણે નામવાળું અંગ્રેજી તથા ગુજરાતીમાં બોર્ડ બનાવવાની કામગીરી માટે રૂ. ૧૨,૦૦૦/- (૯) ઓવર હેડ ટેન્ક અને અંડર ગ્રાઉન્ડ ટેન્કમાં સેનસર લગાવવાનો અંદાજીત ખર્ચ રૂ. ૨૫,૦૦૦/- મળી કુલ રૂ. ૭૩,૬૭,૦૦૦/- (અંકે રૂપિયા તોતેર લાખ સડસઠ હજાર પુરા) જેટલો થાય તેમ છે. સદર કામગીરી માટે મીટીંગમાં મંજુરી મળેલ છે. જેમાં વુડા ભવન બિલ્ડીંગમાં મેન્ટેનન્સ ખર્ચ માટે વુડા કચેરી ધ્વારા વરાળે પડતી રકમ એટલે કે કુલ ખર્ચના ૫૫.૫૫% પ્રમાણે રૂ. ૪૦,૯૨,૩૭૦/- (અંકે રૂપિયા ચાલીસ લાખ બાણું હજાર ત્રણસો સિત્તેર પુરા) વુડા ભવન બિલ્ડીંગના કોમન એકાઉન્ટમાં જમા કરાવવા મંજુરી આપવા વિનંતી છે.

વધુમાં સદર વુડા ભવન બિલ્ડીંગમાં મેન્ટેનન્સની સમગ્ર કામગીરી કરવા હાલ કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી તમામ ખર્ચ વુડા કચેરી ધ્વારા કરવા સંમતિ તથા નિર્ણય તથા મંજુરી અર્થે તદ્દઉપરાંત રજુઆત મુજબની કામગીરી પુર્ણ થયા બાદ વરાડે પડતી રકમ દરેક ફલોરના ડાયરેકટરશ્રી/માલીકો પાસેથી વસુલવાની રહે છે. જે બાબતે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા મંજુરી અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૫)**:વુડા ભવન બિલ્ડીંગમાં મેન્ટેનન્સની કામગીરીમાં ઉકત દર્શાવેલ તમામ કામગીરી માટે અંદાજીત કુલ ખર્ચ રૂ. ૭૩,૬૭,૦૦૦/- (અંકે રૂપિયા તોતેર લાખ સડસઠ હજાર પુરા) થાય તેમ છે. જેમાં વુડા કચેરી ધ્વારા વરાળે પડતી રકમ એટલે કે કુલ ખર્ચના ૫૫.૫૫% પ્રમાણે રૂ. ૪૦,૯૨,૩૭૦/- (અંકે રૂપિયા ચાલીસ લાખ બાણું હજાર ત્રણસો સિત્તેર પુરા) વુડા ભવન બિલ્ડીંગના કોમન એકાઉન્ટમાં જમા કરાવવા મંજુરી આપી અને વુડા ભવનના કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી હાલ પ્રથમ તબક્કે થનાર તમામ ખર્ચ વુડા કચેરી દ્વારા કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર. (૯) : વડોદરા મહાનગરપાલિકા હસ્તકના અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગને ૮૧ મીટરની ઉંચાઈ વાળી ૧ નંગ એરીયલ લેડર ખરીદ કરવા વુડાને વરાડે પડતા ૫૦% ફંડ આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા વુડા વિસ્તારમાં બાંધકામની પરવાનગીઓ પ્રવર્તમાન જી.ડી.સી.આર. ની જોગવાઈ અનુસાર આપવામાં આવે છે. તેજ રીતે કોર્પોરેશન વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા બાંધકામની પરવાનગીઓ જી.ડી.સી.આર. ની જોગવાઈ ધ્યાને લઈ આપવામાં આવે છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ પાસે ફાયર સેફટી અંગેની કોઈ જોગવાઈ નથી. આ સંજોગોમાં વુડા વિસ્તારમાં બંધાતા બિલ્ડીંગોમાં નિયમોનુસાર મેળવવાની થતી ફાયર એન.ઓ.સી. વડોદરા મહાનગરપાલિકાના અગ્નિ શમન અને તાત્કાલિક સેવા વિભાગ પાસેથી મેળવવામાં આવે છે. વડોદરા મહાનગરપાલિકાના ફાયર વિભાગ પાસે હાલમાં એરીયલ લેડર ન હોવાથી ૪૦ મીટર થી વધુ ઉંચાઈની બિલ્ડીંગો માટે ફાયર એન.ઓ.સી. આપી શકાતી નથી. વડોદરા શહેર વિસ્તારમાં તથા વુડા વિસ્તારમાં ૮૦ મીટર કે તેથી વધુ ઉંચાઈ ધરાવતી રેસીડેન્સીયલ/કોમર્શીયલ મોલ, મલ્ટીપ્લેક્ષ, હોસ્પિટલ, હોટલ તેમજ એજયુકેશન બિલ્ડીંગ માટે પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. મેળવવા માટે અરજીઓ આવે છે. પરંતુ ૯૦ મીટર ઉંચાઈ વાળુ એરીયલ લેડર ન હોવાને કારણે ૪૦ મી. થી વધુ ઉંચાઈ માટે વિકાસ પરવાનગી આપી શકાતી નથી. જે ધ્યાને લઈ વુડા બોર્ડ બેઠક નં. ૨૨૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૩૫૧ તા. ૧૬/૦૯/૨૦૧૬ ના રોજ વડોદરા મહાનગરપાલિકાના અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગ દ્વારા ૯૦ મી. ની ઉંચાઈ વાળી એક નંગ એરીયલ લેડર ખરીદ કરવા થનાર ખર્ચના ૫૦% ફાળો આપવા અંગે કોર્પોરેશન દ્વારા આપેલ દરખાસ્ત પરત્વે તેઓને થનાર ખર્ચના ૫૦% રકમનો ફાળો આપવાનું સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતુ. પરંતુ અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વડોદરા મહાનગરપાલિકા દ્વારા તા. ૨૯/૦૩/૨૦૨૨ ના પત્રમાં સમયાંતરે સ્પેસીફીકેશન અને કિંમતમાં ફેરફાર થયેલ હોવાને કારણે હવે કુલ રૂ. ૨૩,૫૧,૭૯,૮૨૦/- ના ખર્ચે નવી ૮૧ મીટરની ઉંચાઈ ધરાવતી હાઈડ્રોલીક એલીવેટેડ એરીયલ લેડર ખરીદ કરવા વુડાને વરાડે પડ્તો ૫૦% ખર્ચ એટલે કે અંદાજીત રૂ. ૧૨,૦૦,૦૦,૦૦૦/- જમા કરાવવા રજુઆત કરેલ છે. જે પરત્વે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વડોદરા મહાનગરપાલિકા દ્વારા માંગણી કરેલ રૂ. ૧૨,૦૦,૦૦,૦૦૦/- નવી ૮૧ મીટરની ઉંચાઈ ધરાવતી હાઈડ્રોલીક એલીવેટેડ એરીયલ લેડર ખરીદ કરી ચુકવેલ હુકમની નકલ વુડાને રજુ કરતા વુડા દ્વારા ચુકવવાના રહે છે. જે અંગે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા મંજુરી અર્થે સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૬)**: વડોદરા મહાનગરપાલિકા હસ્તકના અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગને ૮૧ મીટરની ઉંચાઈ વાળી ૧ નંગ એરીયલ લેડર ખરીદ કરવા અંદાજીત થનાર ખર્ચના ૫૦% (રૂ. ૧૨,૦૦,૦૦,૦૦૦/-) ફાળો આપવા અંગે વડોદરા મહાનગરપાલિકા દ્વારા એરીયલ લેડરની ખરીદી કરી ચુકવેલ હુકમ વુડા કચેરીએ રજુ કર્યાબાદ વુડા દ્વારા ચુકવણું કરવામાં આવશે. તેમ સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર: (૧૦)** : વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે સી.જી.ડી.સી.આર ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ કમિટીની રચના કરવા બાબત.

સરકારશ્રી દ્વારા રાજયમાં બાંધકામ પરવાનગીમાં પારદર્શકતા, ઝડપ અને સરળીકરણ લાવી સમગ્ર રાજયમાં એક સરખી નીતિગત પધ્ધતિ અપનાવવા માટે સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો એટલે કે, કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર તા.૧૨/૧૦/૨૦૧૭ થી લાગુ કરવામાં આવેલ છે. જે અમલી સી.જી.ડી.સી.આર.ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગ સેફટી (સુરક્ષા)ધ્યાને રાખતાં જે કોષ્ટક A થી દર્શાવ્યા મુજબની એક કમિટી રચના કરવાની જોગવાઇ કરેલ છે.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા સી.જી.ડી.સી.આર.ની સદર જોગવાઇને આધીન નીચે કોષ્ટક B માં દર્શાવ્યા મુજબની કમિટીની રચના કરવામાં આવેલ છે.

હાલમાં, વુડામાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગના વિકાસ કામે એક પણ પ્રકરણ રજુ થયેલ ન હોઇ સદર કમિટીની રચના કરવામાં આવેલ ન હતી. હાલમાં, ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી વિકાસ પરવાનગી પ્રકરણની અરજી થયેલ છે. જેથી સદર કમિટીની રચના કરવી જરૂરી જણાય છે. જેથી વુડા કચેરીએ ઉકત સ્ટ્રકચર સેફટી કમિટી બનાવવા કોષ્ટક C માં દર્શાવ્યા મુજબની સભ્યોની કમિટી બનાવવી ઉચિત જણાય છે.

આમ, સી.જી.ડી.સી.આર.ના વિનિયમ ૪.૭ ની જોગવાઇઓ અન્વયે કોષ્ટક C માં દર્શાવ્યા મુજબની કમિટીની રચના કરવા ચર્ચા વિચારણા અને ઉચીત નિર્ણય લેવા અંગેનો મુદ્દો મુદ્દો બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૭) :** વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા અન્વયે સી.જી.ડી.સી.આર.ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ રચવાની થતી કમિટીમાં કોષ્ટક- C માં સુચવેલ સભ્યો પૈકી સભ્ય નં.૪ સ્ટ્રકચર એક્ષ્પર્ટ તરીકે પ્રથમ એમ.એસ.યુનિર્વસિટી અથવા એસ.વી.એન.આઇ.ટી. સુરતના પ્રોફેસરોની પ્રથમ સંમતિ લઇ; કોઇ એકને સભ્ય તરીકે પસંદ કરવા તથા ચેરમેન દ્વારા નક્કી કરવામાં આવતા સભ્ય તરીકેના સભ્ય નં.૬ તરીકે સિટી ઇજનેરશ્રી વી.એમ.સી. ને સભ્ય બનાવવાનું નક્કી કરી તે મુજબની કમિટી બનાવવાનું બોર્ડ બેઠકના સર્વે સભ્યોની અનુમતીથી ઠરાવવામાં આવે છે.

કોષ્ટક - A

| The Committee shall comprise of following members | | |
|---|---|---|
| 1 | Municipal Commissioner/Chairman of the Authority | Chairman |
| 2 | Chief Executive Authority | Member |
| 3 | Head of the Fire Services of the relevant area | Member |
| 4 | Structural Expert | Member |
| 5 | Officer not below the rank of Superintendent Engineer of design cell of Road and Building Department | Member |
| 6 | Any other person decided by chairman | Member |

કોષ્ટક – B

| The Committee members details of VMC | | |
|---|---|---|
| 1 | Municipal Commissioner | Chairman |
| 2 | Deputy Commissioner (Chief Executive Authority) | Member |
| 3 | Head of the Fire Services of the relevant area | Member |
| 4 | Dr. Vinubhai Patel (Structural Expert) | Member |
| 5 | Chief Engineer VMC (Officer not below the rank of Superintendent Engineer of design cell of Road and Building Department) | Member |
| 6 | TDO (Any other person decided by chairman) | Member |

કોષ્ટક - C

| Proposed Committee members details of VUDA | | |
|---|---|---|
| 1 | Chairman of the Authority | Chairman |
| 2 | Chief Executive Authority | Member |
| 3 | Head of the Fire Services of the relevant area | Member |
| 4 | Alpesh Majmudar (Structural Expert) | Member |
| 5 | Superintendent Engineer of Design cell of Road and Building Department | Member |
| 6 | STP (Any other person decided by chairman) | Member |

**મુદ્દા નંબર (૧૧)** : મોજે. નાગરવાડા, રે.સ નં ૧૦૦, ૧૦૨, ૧૦૩/પૈ, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૦/૨,૧૧૦/૩,૧૧૧ પૈકી વાળી જમીનમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ પબ્લીક ઇન્સ્ટીટયુશનલ પર્પઝ ફોર એમ.એસ.યુ. ઝોન રદ કરી ઝોન ફેર કરવા બાબત.

મોજે. નાગરવાડા, રે.સ નં ૧૦૦, ૧૦૨, ૧૦૩/પૈ, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૦/૨ પૈકી, ૧૧૦/૩, ૧૧૧ પૈકી વાળી વુડાની મંજુર પ્રથમ વિકાસ યોજના-૧૯૮૪ માં બોટાનીકલ ગાર્ડન ફોર એમ.એસ.યુ. ના હેતુ માટે ગુજરાત રાજ્ય અને શહેરી વિકાસ અધિનીયમ ની ૧૨(૨)(b) હેઠળ અનામત દર્શાવેલ હતી. જે રીઝર્વેશન વુડાની મંજુર પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના-૧૯૯૬ માં પણ ચાલુ રાખેલ હતી. ત્યારબાદ હાલમાં મંજુર અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૧૨ માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ-૧૯૭૬ ની ૧૨(૨)(o) હેઠળ સદર જમીનોને પબ્લીક ઈનસ્ટીટ્યુશનલ યુઝ ફોર એમ.એસ.યુ. ઝોન તરીકે દર્શાવેલ છે.

ઉકત જમીનોમાં પૈકી, મોજે. નાગરવાડા ના રે.સ નં ૧૦૦, ૧૦૨, ૧૧૦ અને ૧૧૦/૨ માં જમીનમાલિક દ્વારા કોઈ દાવાપ્રકરણ નથી. જયારે તે સિવાયની તેઓના સર્વે નં.૧૦૩, ૧૦૬ પૈકી , ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦/૩ અને ૧૧૧ વાળી જમીનમાં જમીનમાલિકો દ્વારા અલગ અલગ કરેલ દાવા પ્રકરણો તથા તે પરત્વે થયેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

(૧) રે.સ નં૧૦૯ (SCA No.2827 of 1998 Order date: 21/12/2015) & (R/MCA No. 454 of 2017 Dt.13/07/2017)

મોજે. નાગરવાડા,રે.સ નં ૧૦૯ વાળી જમીનને ગુજરાત હાઈકોર્ટના તા.૧૩-૦૭-૨૦૧૭ ના રોજના ચુકાદાથી ડીરીઝર્વ કરી સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા આદેશ કરેલ. જે અન્વયે સવાલવાળી જમીનને ડીરીઝર્વ કરી પ્રતિબંધિત ઝોન-૧ માં સૂચિત કરવા અંગે તા.૧૨-૦૯-૨૦૧૭ થી બોર્ડ બેઠક નં ૨૩૩, ઠરાવ ક્રમાંક ૨૪૩૪ અન્વયે કલમ-૧૯ હેઠળ અત્રેની કચેરીના પત્રાંક:યુડીએ/પ્લાન-૨/૧૨૯૨/૨૦૧૭, તા.૧૨-૦૯-૨૦૧૭ થી સવાલવાળી જમીનને પ્રતિબંધિત ઝોન-૧ માં ઝોનફેર કરવા વેરીયેશનની દરખાસ્ત કરેલ. જે પરત્વે સરકારશ્રી દ્વારા તા.૦૨-૦૬-૨૦૧૮ ના રોજ પ્રાથમિક જાહેરનામું : GH/V/66 of 2018/TPS-122018-3763-L, Dt.02-06-2018 : સદર જમીન " પબ્લીક ઈનસ્ટીટ્યુશનલ હેતુ ફોર એમ.એસ.યુ." ને દુર કરી પ્રતિબંધિત ઝોન-૧ તરીકે નિયુક્ત કરી વાંધા સૂચનો મંગાવેલ. જે સરકારશ્રી કક્ષાએ નિર્ણયાધીન છે.

(૨) રે.સ નં ૧૦૮(R/SCA No. 3825 of 2000 with R/SCA No. 15153 of 2012 with R/SCA No.2191 of 2013 Order date:31/01/2020)

મોજે. નાગરવાડા, રે.સ નં ૧૦૮ વાળી જમીનને ગુજરાત હાઈકોર્ટના તા.૩૧-૦૧-૨૦૨૦ ના રોજના ચુકાદાથી ડીરીઝર્વ કરવા આદેશ કરેલ. ત્યારબાદ, સરકારશ્રી દ્વારા તા.૨૩-૦૬-૨૦૨૦ ના રોજ થી પ્રાથમિક જાહેરનામું : GH/V/59 of 2020/TPA-122020-HC-147-L અને તા.૨૩-૦૯-૨૦૨૦ ના રોજ થી અંતિમ જાહેરનામું :GH/V/145 of 2020/TPA-122020-HC-147-L થી સદર જમીનમાંથી "પબ્લીક ઈનસ્ટીટ્યુશનલ પર્પઝ ફોર એમ.એસ.યુ." ઝોન દુર કરી રહેણાંક ઝોન-૧ તરીકે નિયુક્ત કરવામાં આવેલ.

(૩) રે.સ નં ૧૧૦/૩ (R/SCA No.11794 of 2006, Order date:27/01/2021)

મોજે. નાગરવાડા, રે.સ નં ૧૧૦ પૈકીવાળી જમીનોમાં નામદાર હાઇ કોર્ટ દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૧ ના હુકમથી ડીરીઝર્વ કરવા આદેશ કરેલ.

(૪) રે.સ નં ૧૦૩, ૧૦૬ પૈકી , ૧૦૭ અને ૧૧૧(R/SCA No.15236 of 2003 with R/SCA No.11794 of 2010 with R/SCA No.16676 of 2012 Order date:27/01/2021)

મોજે. નાગરવાડા, રે.સ નં ૧૦૩, ૧૦૬ પૈકી, ૧૦૭ અને ૧૧૧ વાળી જમીનોમાં નામદાર હાઇકોર્ટ દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૧ ના હુકમથી ડીરીઝર્વ કરવા આદેશ કરેલ. જે પરત્વે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૮/૨૦૨૧ ના પત્ર ક્રમાંક:નરચ-૧૨૨૦૨૧-મુમક-૨૪૪-લ થી વડોદરા મહાનગર પાલિકાનો અભિપ્રાય મેળવી કલમ-૧૯ હેઠળની દરખાસ્ત પાઠવવા જણાવેલ. જે પરત્વે અત્રેની કચેરીના પત્રાંક:યુડીએ/પ્લાન-૬/સ્પે.સી.એ.૧૫૨૩૬ ઓફ ૨૦૦૩ + સ્પે.સી.એ.૧૬૬૭૬ ઓફ ૨૦૧૨/૨૦૨૧/૩૨૦, તા.૦૮-૦૯-૨૦૨૧ થી વડોદરા મહાનગર પાલિકાની કચેરીનો સદરહું બાબતે દ્રષ્ટિબિંદુ સ્પષ્ટ કરીને અભિપ્રાય પાઠવવા જણાવેલ જે પરત્વે તેઓ દ્વારા તા.૩૦-૦૩-૨૦૨૨ ના રોજ, જા.નં.૭૪૦ થી જણાવેલ કે “ હાલમાં સદર જગ્યામાં વડોદરા મહાનગર પાલિકાનો કોઈ હક્ક /હિત ન હોઈ, વુડા દ્વારા એમ.એસ.યુ. નું રીઝર્વેશન/ ઝોન રાખવામાં આવેલ હોઈ, એમ.એસ.યુ. નો અભિપ્રાય મેળવી વુડા દ્વારા ઝોનફેર કરવા બાબતનો નિર્ણય લેવાનો થાય છે તથા ઝોનફેર કરવાની કાર્યવાહી વુડાની કચેરીમાં કરવામાં આવતી હોઈ ઝોનેફર બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિર્ણય લઈ કાર્યવાહી કરવા જણાવેલ. જે પરત્વે અત્રેની કચેરી દ્વારા તા.૦૬-૦૪-૨૦૨૨ ના રોજથી પત્રાંક:યુડીએ/પ્લાન-૧/ડી.પી./૩૪/૨૦૨૨ સદરહું બાબતે એમ.એસ.યુ. નો પણ સ્પષ્ટ અભિપ્રાય મંગાવેલ છે. જેનો પ્રત્યુત્તર એમ.એસ. યુનિવર્સીટીમાં તા.૧૨/૦૪/૨૦૨૨ ના પત્ર ક્રમાંક:R/MSU/11 થી અત્રેને પઠવાયેલ છે. જેમાં જણાવ્યાનુસાર "સવાલવાળી મિલકત અંગે નામદાર હાઈકોર્ટમાં થવા પામેલ હુકમની સામે યુનિવર્સીટી દ્વારા એલ.પી.એ.૭૮/૨૦૨૨ થી દાખલ કરવામાં આવેલ છે. જે હાલમાં નામદર હાઈકોર્ટ સમક્ષ ન્યાયિક પ્રક્રિયા અન્વયે પેન્ડીંગ છે. તેમજ આ જ પ્રકારના અન્ય કિસ્સાઓમાં હાલમાં જ નામદાર હાઈકોર્ટ દ્વારા યુનિવર્સીટીનું રીઝર્વેશન અંગે યુનિવર્સીટીની ફેવરમાં એટલે કે, યુનિવર્સીટીની જમીન સંપાદિત કરવાની વધુ તકો આપેલ છે. આમ ઉપરોક્ત તમામ હકીકતોને ધ્યાને લઈ સવાલવાળી મિલકત અન્વયે કોઈ જ બિલ્ડીંગ પરમીશન/અન્ય કોઈ હેતુફેર/ઝોનફેર કે અન્ય કોઈ પ્રકારની કાર્યવાહી કે જેનાથી રાજ્ય સરકારની યુનિવર્સીટી એટલે કે, મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીને તેમજ બહોળા પ્રમાણનું પબ્લીક હિત જોખમય તે અંગેની કોઈપણ કાર્યવાહી ન કરવા આપ સાહેબને ન્યાયના હિતમાં વિનંતી છે. " તેમ જણાવેલ છે.

ઉકત તમામ હકીકતો ધ્યાને લઇ સવાલવાળી જમીન મોજે. નાગરવાડા, રે.સ નં ૧૦૩, ૧૦૬ પૈકી, ૧૦૭ અને ૧૧૧ વાળી જમીનોમાં પબ્લીક ઈનસ્ટીટ્યુશનલ હેતુ ફોર એમ.એસ.યુ.” માંથી અન્ય ઝોનમાં ઝોન ફેર કરવાનો નિર્ણય લેવાનો થાય જે અંગેનો મુદ્દો બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૮)** : મોજે. નાગરવાડા, રે.સ નં ૧૦૩, ૧૦૬ પૈકી, ૧૦૭ અને ૧૧૧ વાળી જમીનોમાં પબ્લીક ઈનસ્ટીટ્યુશનલ હેતુ ફોર એમ.એસ.યુ.” માંથી અન્ય ઝોનમાં ઝોન ફેર કરવા બાબતે બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણના તેમજ ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લેતાં રે.સ.નં.૧૦૩, ૧૦૬ પૈકી, ૧૦૭ વાળી જમીનને રહેણાંક ઝોન (આર-૧) માં તથા રે.સ.નં.૧૧૧ વાળી જમીનને પ્રતિબંધિત ઝોન (આરઝેડ૧)માં ઝોન ફેર કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૧૨)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-એ (ખટમ્બા, પવલેપુર, શંકરપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે ખટમ્બા, પવલેપુર અને શંકરપુરા ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે ખટમ્બા, પવલેપુર અને શંકરપુરામાં મંજુર દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫ મીટર રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઈ, વુડાની તા. ૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૫/૦૮/૨૦૨૧ ના પત્ર નં. યુડીએ/પ્લાન-૨/૧૦૮/૨૦૨૧થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૧૫/૦૨/૨૦૨૨ ના પત્ર નં. દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં.૨૮/એ(ખ.પ.શં)/૫૪૦ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-એ (ખટમ્બા, પવલેપુર, શંકરપુરા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૪૦૩.૪૮ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા માટે ઇરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૭૯૯)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-એ (ખટમ્બા, પવલેપુર, શંકરપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૧૩)**:વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૮-બી (અણખોલ, હનુમંતપુરા,શ્રીપોરટિંબી) નો ઇરાદો જાહેર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે અણખોલ, હનુમંતપુરા અને શ્રીપોરટિંબી ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે અણખોલ, હનુમંતપુરા અને શ્રીપોરટિંબીમાં મંજુર દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫ મીટર રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઈ, વુડાની તા. ૦૬/૦૨/૨૦૨૦ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૫/૦૮/૨૦૨૧ના પત્ર નં. યુડીએ/પ્લાન-૨/૧૦૯/૨૦૨૧થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૧૫/૦૨/૨૦૨૨ના પત્ર નં. દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં.૨૮/બી (અ.-હ.-શ્રી.)/૫૪૫થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-બી (અણખોલ, હનુમંતપુરા,શ્રીપોરટિંબી) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૪૯૨.૮૧ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા માટે ઇરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૦૦)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-બી (અણખોલ, હનુમંતપુરા,શ્રીપોરટિંબી) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૧૪)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/સી (સયાજીપુરા-સિકંદરપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે સયાજીપુરા અને સિકંદરપુરા ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૯૭૬ ની ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે સયાજીપુરા, સિકંદરપુરામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫મી. રસ્તો મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઇ, વુડાની તા. ૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૫/૦૮/૨૦૨૧ ના પત્રનં.યુડીએ/પ્લાન-૨/૧૧૦/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા.૧૫/૦૨/૨૦૨૨ ના પત્ર ક્રમાંક: દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં. ૨૮/સી(સ.-સિ.)/૫૪૧ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/સી (સયાજીપુરા-સિકંદરપુરા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૩૯૧.૪૬ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા અંગે ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચ વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૦૧)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/સી (સયાજીપુરા-સિકંદરપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૧૫):**વુડા વિસ્તારમાં સમાવિષ્ટ પાદરા નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસ પરવાનગી, નવી ટી.પી./ડી.પી. બનાવવા નગરપાલિકાને સત્તા સોંપવાની રજુઆત.

સરકારશ્રી દ્વારા વુડાની રચના કરતાં સમયે પાદરા નગરપાલિકાનો સમાવેશ; વુડા વિસ્તારમાં કરવામાં આવેલ છે. તથા તે પરત્વે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ જમીનોમાં સુઆયોજીત તેમજ નિયમબધ્ધ વિકાસ થાય તે સંબંધે વિકાસ પરવાનગી આપવા નવો ડી.પી. તથા ટી.પી. બનાવવા અન્વયેની વિગેરેની તમામ કામગીરી વુડા દ્વારા કરવામાં આવે છે.

હાલમાં, પાદરા નગરપાલિકા દ્વારા તા.૦૮/૦૬/૨૦૨૧ ના પત્ર નં.જા.નં.૫૭૯/૧ થી પાદરા નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ જમીનોમાં વિકાસ પરવાનગી આપવા, ટી.પી./ડી.પી બનાવવા માટે જરૂરી સત્તા આપવા અર્થે નગરપાલિકાના ઠરાવ નં. જ.સ.ઠ.નં.૩૨, તા.૨૮/૦૪/૨૦૨૧ થી કરેલ ઠરાવની નકલ અત્રે પાઠવેલ છે. જે મુજબ પાલિકા દ્વારા જાહેર નાગરિકોની સેવાઓ, ઉદભવતા પ્રશ્નો તેમજ વહીવટી પ્રશ્નોના નિકાલ કરવા માટે રચાયેલ છે. હાલમાં પાદરા નગરની વસ્તી અંદાજીત ૫૦,૦૦૦ જેટલી હોય તેમજ તાલુકાના અંદાજીત ૮૬ જેટલા ગામડાઓના વસતાં લોકો વેપાર અર્થે પાદરામાં આવતાં હોય તેમજ પાદરા નગરમાં આવેલ APMC માર્કેટમાં પણ ગામડાઓના ખેડૂતો તેમજ વેપારીઓની આવન જાવન રહેતી હોય છે. આમ જાહેર નાગરિકોને પાદરા નગર સેવા સદનને લગતાં પ્રશ્નો અંગે વુડા કચેરી વડોદરા સુધી રજુઆતમાંથી મુક્તિ મળે અને તેઓના દરેક પ્રશ્નોનું નિરાકરણ પાદરા નગરપાલિકા દ્વારા થાય તે માટે પાદરા નગર સેવાસદન હદ વિસ્તાર માટે ગામતળ વિસ્તાર તેમજ ટી.પી./ડી.પી. વિસ્તાર માટે બાંધકામ વિકાસ પરવાનગી તેમજ નવીન ટી.પી.અંગેની વિગેરે પ્રકારની તમામ કાર્યવાહી માટે પાદરા નગર સેવા સદનને ઇલાયદા હક્ક મળે તે માટે દરખાસ્ત કરેલ છે.

જે અન્વયે વિગતવાર જણાવવાનું કે, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક: ઇડીબી-૧૨૨૦૧૬-૩૬૨૯-લ તા.૧૪/૦૯/૨૦૧૬ થી ૧૨૫ ચો.મી. સુધીના રહેણાંકના વ્યક્તિગત મકાનના બાંધકામ માટે બાંધકામ મંજુરી મેળવવા મુક્તિ આપેલ છે. જેથી પાદરા નગર પાલિકાની ઉકત રજુઆતો અન્વયે વ્યક્તિગત કિસ્સાઓમાં હાલાકી ન પડે તથા વહીવટી સરળતા રહે તે હેતુથી હાલ પુરતું ૧૨૫ ચો.મી. સુધીના રહેણાંકના વ્યક્તિગત મકાનના બાંધકામ માટે સી.જી.ડી.સી.આર.ના વિનિયમ ૩.૬.૧.૨ અન્વયેની કાર્યવાહી કરવા સદર નગર પાલિકાને હક્કો આપવા પરત્વે ઉચીત નિર્ણય લેવા વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૦૨)** : પાદરા નગર પાલિકાની ઉકત રજુઆતો અન્વયે વ્યક્તિગત કિસ્સાઓમાં હાલાકી ન પડે તથા વહીવટી સરળતા રહે તે હેતુથી હાલ પુરતું ૧૨૫ ચો.મી. સુધીના રહેણાંકના વ્યક્તિગત મકાનના બાંધકામ માટે સી.જી.ડી.સી.આર.ના વિનિયમ ૩.૬.૧.૨ અન્વયેની કાર્યવાહી કરવા પાદરા નગર પાલિકાને હક્કો આપવા નામદાર સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર**:(૧૬) વુડા વિસ્તારમાં સમાવિષ્ટ પાદરા નગરપાલિકા હદ વિસ્તારની નગર રચના નં.૧ અને ૨ માં આર્થિક રીતે નબળા વર્ગ માટે તથા વાણિજય હેતુ, નિશાળ/ નેબરહુડ તથા બાગબગીચા માટેના રીઝર્વ/અનામત પ્લોટો પાદરા સેવાસદનને ફાળવી આપવા બાબત.

સરકારશ્રી દ્વારા વુડાની રચના કરતાં સમયે પાદરા નગરપાલિકાનો સમાવેશ; વુડા વિસ્તારમાં કરવામાં આવેલ છે. તથા તે પરત્વે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ જમીનોમાં સુઆયોજીત તેમજ નિયમબધ્ધ વિકાસ થાય તે સંબંધે વિકાસ પરવાનગી આપવા નવો ડી.પી. તથા ટી.પી. બનાવવા તથા તેના અમલીકરણ અન્વયેની વિગેરેની તમામ કામગીરી વુડા દ્વારા કરવામાં આવે છે.

હાલમાં, પાદરા નગરપાલિકા દ્વારા તા.૧૬/૧૨/૨૦૨૧ ના પત્ર નં.જા.નં.૧૫૯૧/૧ થી ૨ થી પાદરા નગરપાલિકા પાસે પોતાની માલિકીની કોઇ જમીન ઉપલબ્ધ ન હોઇ ઉકત બંન્નેવ નગર રચના યોજના ૧ અને ૨ માં સમાવિષ્ટ આર્થિક રીતે નબળા વર્ગ માટે તથા વાણિજય હેતુ, નિશાળ/ નેબરહુડ તથા બાગબગીચા માટેના રીઝર્વ/અનામત પ્લોટોની નગરપાલિકાને જરૂરીયાત હોઇ નગરપાલિકાના ઠરાવ નં. જ.સ.ઠ.નં.૨૦૯, તા.૨૫/૧૦/૨૦૨૧ તે મુજબ પાદરા નગર સેવાસદન હદ વિસ્તારની વધતી વસ્તી તથા રહેણાંક સોસાયટીઓમાં થતો વધારો તેમજ આજુબાજુના નજીકના ગામડાઓમાંથી આવતા નાગરિકોનો ધસારો થતા જાહેર સુવિધાના ભાગ રૂપે બાકી પડતર પડી રહેલ રીઝર્વ પ્લોટોનું ડેવલોપમેન્ટ, હોકિંગ ઝોન, પાર્કિંગ, નાના મોટા શોપિંગ સેન્ટર તેમજ જાહેર જનતાના હેતુસર કરવું અતિ આવશ્યક છે. તથા પડતર ખાલી પ્લોટોનો અન્ય ઇસમો દ્વારા ગેર કાયદેસર પ્રવેશ કરી દબાણ ન કરે તે માટે પાદરા શહેરની બંન્ને ટી.પી.સ્કીમમાં હાલ પડતર રહેલ રીઝર્વ પ્લોટમાં નવીન ડેવલોપમેન્ટ પાદરા નગર પાલિકા દ્વારા હાથ ધરવાનું વિચારણામાં હોઇ સદર બાકી રહેલ અનામત રીઝર્વ પ્લોટોપાદરા નગરપાલિકાને ફાળવી આપવા માંગણી કરેલ છે.

જે અન્વયે વિગતવાર જણાવવાનું કે, પાદરા નગર પાલિકા સમાવિષ્ટ અંતિમ નગર રચના યોજના નં.૧ (પાદરા) અને ૨ (પાદરા) અંતર્ગત સમુચિત સત્તામંડળને ફળવાયેલ અનામત અંતિમખંડો પૈકી આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામત અંતિમખંડોનો સ્થળે વિકાસ થઇ ગયેલ છે. તેથી તે સિવાયના અંતિમખંડો પૈકી વાણિજય માટે અનામત અંતિમખંડો સિવાયના અંતિમખંડો ફાળવવા અન્વયે નિર્ણય લેવાનો થાય. જેની વિગતો નીચે મુજબ છે.

| અનું. નં. | હેતુ | અંતિમ નગર રચનાનું નામ | અંતિમખંડ નં. | ક્ષેત્રફળ(**ચો.મી.**) |
|---|---|---|---|---|
| ૧ | ઓપન સ્પેસ (બગીચા માટે) | ન.ર.યો.નં.૧ (પાદરા) | ૧૬૦ | ૧૦૭૫ |
| ૨ | નિશાળ માટે અનામત | ન.ર.યો.નં.૨ (પાદરા) | ૬૩ | ૭૯૩૭ |
| 3 | રમત ગમત માટે અનામત | ન.ર.યો.નં.૨ (પાદરા) | ૬૬ | ૧૭૦૯ |
| ૪ | નેબરહુડ માટે અનામત | ન.ર.યો.નં.૨ (પાદરા) | ૬૭ | ૧૫૪૧ |

ઉપરોકત વિગતો ધ્યાને લઇ પાદરા નગરપાલિકાની અંતિમ નગર રચના યોજના ૧ (પાદરા) અને ૨ (પાદરા) અન્વયે સંપ્રાપ્ત થયેલ અનામત અંતિમ ખંડો ફાળવવાની રજુઆત પરત્વે ઉચીત નિર્ણય લેવા વુડા બોર્ડ બેઠકના સભ્યશ્રી સમક્ષ ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૦3)**: પાદરા નગર પાલિકાની ઉકત રજુઆતો અન્વયે ઉકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના અનામત અંતિમખંડો પાદરા નગર પાલિકાને ફાળવવા નામદાર સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદ્દા નંબર: (૧)** વુડાની વિકાસ યોજના બનાવવા કામે ૧૧ માસના કરાર આધારીત હંગામી ધોરણે વધારાના 3 GIS Analyst ની વિકાસ યોજના બનાવવાની કામગીરી પૂરતી નિમણુંક કરવા બાબત.

વુડા દ્વારા હાલમાં તૃતીય વિકાસ યોજના બનાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. સદર કામગીરી અત્યાર સુધી ઓટોકેડ સોફ્ટવેરની મદદથી કરવામાં આવેલ છે. તથા સદર ડી.પી. અન્વયે એનાલીસીસ કરવા આર્ક GIS સોફ્ટવેરની મદદથી કરવામાં આવતી હોય; અત્રેથી બોર્ડ બેઠક નં.૨૩૯ તા.૨૧/૦૨/૨૦૧૯ ના ઠરાવ નં.૨૫૮૮ થી ડી.પી./ટી.પી. સેલ બનાવવામાં આવેલ. તથા સદર સેલ અંતર્ગત અર્બન પ્લાનર, GIS Analyst, GIS Operator, વિગેરે જેવું હંગામી ધોરણે ૧૧ મહિનાના કરાર આધારિત આઉટ સોર્સીંગ એજન્સી મારફત મેહકમ ભરવાની મંજુરી મળેલ. જે મંજુર કરેલ મેહકમ મુજબ GIS Analyst ની ૨ (હંગામી પગાર રૂ.3૦,૭૫૦/-) તથા GIS Operator (હંગામી પગાર રૂ.૨૦,૦૦૦/-) જગ્યા પૈકી હાલમાં વુડામાં ૨ GIS Analyst તથા ૧ GIS Operator ની જગ્યા ભરેલ છે.

હાલમાં તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના બનાવવાના કામે માન.અગ્ર સચિવશ્રી, મુખ્ય નગર નિયોજકશ્રી સાથે થયેલ મૌખિક ચર્ચાનુસાર સદર વિકાસ યોજના GIS Software પર બનાવવાની સુચના આપવામાં આવેલ છે. જેથી સદર કામગીરી ઝડપથી પુરી થાય અને વહીવટી સરળતા રહે તે હેતુથી ૧ – GIS Analyst તથા ૨- GIS Operator ની વધારાની જરૂરીયાત ઉભી થતા; અત્રેથી તા.૦૪/૦૫/૨૦૨૨ ના રોજ વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ. જે વોક ઇન ઇન્ટરવ્યુમાં પસંદગી કરવા એક પસંદની સમીતીની રચના કરવામાં આવેલ અને ઇન્ટરવ્યુ યોજવામાં આવેલ. જે ઇન્ટરવ્યુમાં GIS Operator ની જગ્યા અન્વયે કોઇ ઉમેદવારએ ઉમેદવારી નોંધાવેલ નહીં. જયારે તે સિવાય GIS Analystની જગ્યા અન્વયે ૯ ઉમેદવારો હાજર રહેલ જેની યાદી આ સાથે સામેલ છે. GIS Analystના ઇન્ટરવ્યુમાં સમિતી દ્વારા 3 ઉમેદવારો (૧) રૂત્વા પટેલ (૨) ઇશીત હંસોટી તથા (૩) શ્વેતા કાટવાલા ની પસંદગી કરી શકાય તેમ અભિપ્રાય આપેલ. જે પૈકી (૧) રૂત્વા પટેલ તથા (૨) ઇશીત હંસોટી અન્ય જગ્યાએ હાલમાં ફરજ બજાવતા હોય; તેઓની જો પસંદગી કરવામાં આવે તો તા.૦૧/૦૬/૨૦૨૨ થી હાજર થઇ શકશે તેમ જણાવેલ, જયારે શ્વેતા કાટવાલા તા.૧૬/૦૫/૨૦૨૨ થી ફરજ ઉપર હાજર થઇ શકશે તેમ જણાવેલ.

ઉકત વિગતો ધ્યાને લેતાં જણાવવાનું કે અત્રેથી આપેલ જાહેરાત પૈકી GIS Operator તરીકે કોઇ હાજર રહેલ ન હોઇ, તેના બદલે વધારાના GIS Analyst ની નિમણુંક કરવી જરૂરી જણાય છે. જેથી વુડાના ઉકત બોર્ડના ઠરાવ નં.૨૫૮૮ અન્વયે મંજુર જગ્યામાં હાલમાં ભરેલ હોય; ઉકત 3 GIS Analyst ની નવીન ભરતી ૧૧ માસના કરાર આધારીત કરવામાં આવે તો (3૦૭૫૦X 3X૧૧) = ૧૦,૧૪,૭૫૦/- રૂ. નો વધારાનો ખર્ચ થાય તેમ છે. પરંતુ DP ની કામગીરીની અગત્યતા તથા ઝડપથી પુરી પાડવાના હેતુથી ઉકત GIS Analyst ની નિમણુંક કરવી જરૂરી હોય; સદર બાબતે બોર્ડની મંજુરી મેળવવાની થાય; જે બાબતે ધ્યાને લઇ; હાલમાં GIS Analyst ની વધારાની 3 જગ્યા ૧૧ માસના કરાર આધારીત હંગામી ધોરણે D.P. બનાવવાની કામગીરી પૂરતું ભરવા અન્વયે વુડા બોર્ડ બેઠકના બોર્ડ બેઠકના સર્વ સભ્યસમક્ષ ચર્ચા વિચારણના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૦૪)**: ઉકત મુદ્દા અન્વયે વુડા બોર્ડ બેઠકના બોર્ડ બેઠકના સર્વ સભ્યસમક્ષ ચર્ચા વિચારણના અંતે હાલમાં વુડાની વિકાસ યોજના બનાવવા કામે ૧૧ માસના કરાર આધારીત હંગામી ધોરણે વધારાના 3 GIS Analyst ની વિકાસ યોજના બનાવવાની કામગીરી પૂરતી નિમણુંક કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**અધ્યક્ષ સ્થાનેથી :**

મુદ્દા નંબર(૨) : વુડા વિસ્તારના વડોદરા જંબુસર રાજ્ય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજ્ય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મી. પહોળાઈના રીંગરોડમાં કાર્પેટ રોડની કામગીરી બાબત.

ઉપરોકત વિષયના અનુસંધાનમાં સવિનય સહ જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર દ્વિતિય પુનરાવર્તીત વિકાસ યોજના ૨૦૧૨ માં આશરે ૬૬.૦૮ કી.મી. લંબાઈ ધરાવતો ૭૫.૦૦ મી. પહોળાઈનો રીંગરોડ સુચિત કરવામાં આવેલ છે. સદર રીંગરોડનું નગર રચના યોજના મારફત અમલીકરણ થઈ શકે તે હેતુથી વુડા દ્વારા વિવિધ અલગ અલગ નગર રચના યોજનાઓનું આયોજન કરેલ છે. ૭૫.૦૦ મીટરની પહોળાઈના રીંગરોડના અમલીકરણમાં સરળતા રહે તે હેતુથી બે મુખ્ય રસ્તાઓને જોડતી લીંક કરીને ફેઝ વાઈસ કામગીરી કરવી હિતાવહ જણાય છે. જે મુજબ હાલમાં વડોદરા જંબુસર રાજ્ય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજ્ય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મી. પહોળાઈનો રીંગરોડ પૈકીનો લીંક રોડને પ્રથમ ફેઝમાં લઈ તેનો ડી.પી.આર. બનાવવાનું આયોજન છે. જે મુજબ પ્રથમ ફેઝમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫ (સમીયાલા-બીલ-ભાયલી) તથા સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧ (સમીયાલા-બીલ), ૨૪/એ (અંકોડીયા-ખાનપુર-સેવાસી-મહાપુરા),૨૪/બી(ભાયલી-રાયપુરા-ગોકળપુરા) મળી કુલ ચાર ૦૪ (ચાર) નગર રચના યોજનાઓનો આશરે ૬.૩ કી.મી. લંબાઈનો સમાવેશ થાય છે. ઉપરોકત વિગતે સરકારશ્રીમાં ૦૩ (ત્રણ) મુસદ્દારૂપ નગર રચના યોજના મંજુરી અર્થે છે. જેની નજીકના ભવિષ્યમાં મંજુરી મળી શકે તેમ છે. જે બાબત ધ્યાને લેતા ૭૫.૦૦ મીટર પહોળાઈ વાળા કુલ ૬.૩ કી.મી. લંબાઈના રોડ માટે ડી.પી.આર. બનાવવાનું આયોજન છે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૬૦ કરોડ થાય તેમ છે. જેથી સરકારશ્રીમાંથી ટી.પી. મંજુર થઈ આવ્યેથી ઝડપથી ટેન્ડરને લગતી કાર્યવાહી ઝડપથી હાથ ધરી શકાય. જે ધ્યાને લઈ પ્રથમ તબક્કે સર્વે કરી અંદાજ તૈયાર કરવા માટે અત્રેની કચેરીમાં પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ (પી.એમ.સી) તરીકે કઈ એજન્સી કામગીરી સોંપવી તે વુડાના અધ્યક્ષશ્રી સમક્ષ રજુ કરતા તા.૦૨/૦૫/૨૦૨૨ ના રોજ નોંધ ઉપર પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ (પી.એમ.સી) તરીકે જીયો ડીઝાઈન એન્ડ રિસર્ચ(પ્રા)લી.(જીયો ટેસ્ટ હાઉસ), વડોદરાને કામગીરી સોંપવા માટે મંજુરી મળેલ છે. જેથી રીંગ રોડ પ્રોજેકટ માટે પી.એમ.સી.ની કામગીરીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ધ્યાને લેવા મંજુરી અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૮૦૫)** : વુડા વિસ્તારના વડોદરા જંબુસર રાજ્ય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજ્ય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મી. પહોળાઈના રીંગરોડમાં કાર્પેટ રોડ બનાવવાની કામગીરીમાં પ્રથમ તબક્કે ડી.પી.આર. તૈયાર કરવા માટે જીયો ડીઝાઈન એન્ડ રિસર્ચ(પ્રા)લી.(જીયો ટેસ્ટ હાઉસ), વડોદરાની પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ (પી.એમ.સી) તરીકે કરવામાં આવેલ નિમણૂકને બહાલી આપવા તથા તે અંગે આગળની કરવાની થતી કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

અંતમાં સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય-સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા